

શ્રી ગુરૂદેવ દત્ત ભગવાનની ૧૦૦મી જયંતિ પ્રસંગે શ્રી દત્તધામ યાત્રાનો પ્રારંભ ૧૯ મે ના રોજ સવારે ૮-૦૦ વાગ્યાથી શરુ કરવામાં આવ્યો હતો. વિસનગર, ગાંધીનગર, નારેશ્વર, શિરડી, સાકોરી, શિંગણાપુર, પઠેણ, દેવગઢ, ઔરંગાબાદ, ધૂશ્નેશ્વર, ઈલોરા, શેગાવ, આનંદસાગર, કારંજા, માદુરગઢ, ઔઢા નાગનાથ, ગુંજ, પરલી વૈજનાથ, આંબા જોગાઈ, તુલજાપુર, પંઢરપુર, સોલાપુર, અકકલકોટ, ગાણગાપુર (કર્ણા), માણેકપુર, રાયપુર, દુરવપુર, ગોકર્ણ, માણગાવ, નરસોલાની વાડી, ઔદુમ્બર, કોલાપુર, આણંદી, ભીમાશંકર, નાસિક, ત્રમબકેશ્વર, તલેગાવ, નાસિક, સપ્સુંગી, સાપુતારા, ગરૂડેશ્વર, અનસુયા, અમદાવાદ થઈ ગાંધીનગર તારીખ ૫ જૂને યાત્રા પરત આવશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# બી.એસ.એફ. કેમ્પ પાસે કાળા કલરના પલ્સર પર આવેલ શખ્સો ત્રણ તોલાની મગમાળા તોડી છૂ

## પેથાપુરનો વાઘેલા પરિવાર સંબંધીને ત્યા પ્રસંગ પતાવી પરત ફરતો હતો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર અને જિલ્લો તસ્કરોને જાણે હદી ગયુ છે. દિવસે-દિવસે ચેઈન સ્નેચરોના હાથ વધુ લાંબા અને પોલીસના હાથ ટુંકા થતા હોય તેવુ લાગી રહ્યું છે. ગાંધીનગર-ચિલોડા રોડ પર બી.એસ.એફ. કેમ્પ પાસે પલ્સર બાઈક પર આવેલ ચેઈન સ્નેચર ચાલુ એકટીવા પરથી ત્રણ તોલાની ચેઈન તોડી ફરાર થઈ ગયા હતા.

ચિલોડા પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ ગઈકાલે પેથાપુર ગામમાં રહેતા ગણપતસિંહ વાઘેલા તેમના પત્ની હંસાબેન અને પુત્ર શક્તિ મગોડી ગામેથી તેમના સંબંધીને ત્યાંથી પ્રસંગ પતાવી પેથાપુર ખાતે પોતાના એક્ટિવા નંબર જીજે-૧૮-સી.એ.-૨૮૫૪ લઈ પરત આવી રહ્યા હતા ત્યારે આલમપુર પાટિયા પાસે આવેલ બી.એસ.એફ. કેમ્પ પાસેથી પસાર થતા હતા તે દરમિયાન કાળા કલરનું પલ્સર બાઈક લઈને આવેલા અજાણ્યા શખ્સોએ એક્ટિવા પર બેસેલા હંસાબેનના ગળામાં પહેરેલી ૭૫ હજારની કિંમતની ત્રણ તોલાની મગમાળા તોડી છુમંતર થઈ ગયા હતા. મગમાળા તોડતા ધક્કો વાગતા હંસાબેન નીચે પડી ગયા હતા અને ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાની જાણ ચિલોડા પોલીસને કરવામાં આવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# છાલા પાસે યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૧૯

ચિલોડા-હિંમતનગર માર્ગ છાલા નજીક આજે ખેતરની સીમમાં એક ૪૦ વર્ષીય અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે ચિલોડા પોલીસને જાણ થતા પોલીસે મૃતદેહને ગાંધીનગર સિવિલમાં મોકલી આપી તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈ-વે નં. ૮ પર છાલા પાસે નટુભાઈ મીઠાભાઈ ચૌધરીનું ખેતર આવેલુ છે. જ્યારે આજે સવારના સમયે નટુભાઈ ખેતરમાં કામ કરી રહ્યા હતા. દરમિયાન અંદાજે ૪૦ વર્ષીય યુવાનનો મૃત હાલતમાં મૃતદેહ પડ્યો હતો. જે ખેડૂત નટુભાઈને માલુમ પડતા આ અંગે ચિલોડા પોલીસમથકમાં જાણ કરીહતી. આથી ચિલોડા પોલીસ ઘટના સ્થળે આવી મૃતદેહનો કબ્જો લઈ તેને પી.એમ. અર્થે ગાંધીનગર સિવિલ ખાતે મોકલી આપ્યો હતો અને તેના સગાસંબંધીની શોધખોળ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક નબીમીયા ઉમરમીયા ચૌહાણ ઉં.વ. ૪૦ (રહે. ગામ રાજપુર, તા. કડી જિલ્લો મહેસાણા) હોવાનું માલુમ પડ્યું હતું અને મૃતકના ગુમ થયાની ફરિયાદ પણ ૧૦ દિવસ અગાઉ દહેગામ પોલીસમથકમાં નોંધાઈ હતી. આ અંગે ચિલોડા પોલીસમથક ફરિયાદ નોંધાઈ હતી. જેની તપાસ પી.એસ.આઈ. પી.જે. પંડ્યા ચલાવી રહ્યા છે.

# ઘ-૦ પાસે ટ્રાફિક ઝુંબેશ, ટ્રાફિક પોલીસે ૩૨,૫૨૯નો દંડ વસૂલ્યો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે શહેરના ઘ-૦ નજીક વાહન ચાલકો પર તવાઈ બોલાવી હતી અને ટ્રાફિક નિયમનનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકો સામે ઝુંબેશ હાથ ધરી કુલ રૂ. ૩૨,૮૦૫ નો દંડ વસુલ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરમાં બેફામ ગતિએ દોડતા વાહનો અને ટ્રાફિક નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરતા વાહન ચાલકો સામે આજે ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે લાલ આંખ કરી હતી. શહેરના મુખ્ય માર્ગ ઘ-૦ પાસે ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસના પી.આઈ. વાય.આર. ગામીત અને તેમની ટીમ ગોઠવાઈ ગઈ હતી અને માર્ગ પર પસાર થતા ૧૩ વગર લાયસન્સ, ૩૯૮ વગર હેલમેટ, ૮૪ વગર સીટ બેલ્ટ અને ૧૨ બ્લેક ફિલ્મપટ્ટીવાળા તેમજ અન્ય ૩૮ મળી કુલ ૫૨૯ વાહનચાલકોને મેમા આપી કુલ રૂ. ૩૨,૮૦૫ નો દંડ વસુલ્યો હતો. ટ્રાફિક પોલીસની આ ટ્રાફિક ઝુંબેશથી વાહન ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

# કરાઈ કેનાલમાં યુવાને મોતની છલાંગ લગાવી

## કેનાલ સિક્યુરિટી ગાર્ડે યુવાન ડુબતો જોઈ કેનાલમાં કુદી બચાવ્યો : યુવાન હાલ સારવાર હેઠળ સિવિલમાં

ગાંધીનગર નજીક કરાઈ કેનાલમાં આજે બપોરે બાઈક પર આવેલા અજાણ્યા યુવાને અગમ્ય કારણોસર મોતની છલાંગ લગાવી હતી. કેનાલ સિક્યુરીટી જવાને યુવાનને જોઈ જતા તુરંત પાણીમાં કુદી તેનો જીવ બચાવી ગાંધીનગર સિવિલમાં મોકલી આપ્યો હતો. ગાંધીનગર નજીક કરાઈ કેનાલમાં આજે એક યુવાન બપોરના સમયે પોતાનું બાઈક લઈ આવ્યો હતો જોત જોતામાં આ યુવાને અગમ્ય કારણોસર કેનાલના પાણીમાં મોતની છલાંગ લગાવી હતી. જેને કેનાલ સિક્યુરીટી ગાર્ડ જોઈ જતા પાછળ તુરંત છલાંગ લગાવી હતી. ડુબતા યુવાનને બચાવ્યો હતો અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ ખાતે મોકલી આપ્યો હતો જ્યાં યુવાન હાલ સારવાર હેઠળ છે.

## લયબદ્ધ શ્વસન દ્વારા નિરોગી સ્વાસ્થ્ય

ગાંધીનગર, તા. ૧૯

તાવરિયાજી ગ્રૂપ દ્વારા શહેરની જાહેર જનતા માટે લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યના પ્રયોગો કરવામાં આવશે. તા. ૨૦ મે થી તા. ૨૩ મે દરમિયાન સાંજે ૬.૪૫ થી ૭.૧૫ વાગ્યા સુધી શારીરિક, ભાવનાત્મક, માનસિક, મનો વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક જ્ઞાન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ૬ મિનિટની રીફાઈનીંગ ક્રિયાઓથી શરીરને નિરોગી રાખવા માટે શહેરીજનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ પ્રયોગો મફત શિખવવામાં આવશે.

# કડવા પાટીદાર સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ અને મહામંત્રીની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૯

કડવા પાટીદાર સમાજ ગાંધીનગરની કારોબારી સેકટર-૧૨ સ્થિત ઉમિયા માતાજી મંદિર ખાતે ગઈ તા. ૧૫ના રોજ મળી હતી. જેમાં સર્વાનુમતે નવા પ્રમુખ, ઉપપ્રમુખ અને મહામંત્રીની વરણી કરવામાં આવી હતી.



ગાંધીનગર પાટીદાર સમાજ દ્વારા તાજેતરમાં કારોબારીની બેઠક બોલાવવામાં આવી હતી. આ કારોબારીમાં સમાજના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં મોહનભાઈ પટેલની અધ્યક્ષતામાં નવા પ્રમુખ તરીકે હસમુખભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે શાંતિભાઈ પટેલ અને મહામંત્રી તરીકે અરવિંદભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સમાજના જુના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ કારોબારી સભ્યોએ નવા વરાયેલા હોદ્દેદારોને અભિનંદન આપી શુભકામનાઓ પાઠવી હતી.

# કેનેડા વિઝા કૌભાંડ કેસમાં આરોપી જયદીપ પટેલ જેલ હવાલે

## વિઝા કૌભાંડ કેસના મુખ્ય સૂત્રધાર દિનેશના ભાણાની પોલીસે ધરપકડ કરી રીમાન્ડ માગ્યા હતા જે પુરા થતા જેલ હવાલે મોકલી આપ્યો છે

ગાંધીનગર, તા. ૧૯

કેનેડાના કાયમી વિઝા અપાવવાના બહાને કરોડોના ચીંટીંગ કેસમાં મુખ્ય સૂત્રધાર દિનેશ પટેલના ભાણા જયદિપ પટેલની ગાંધીનગર એલ.સી.બી. પોલીસે ધરપકડ કરી હતી અને તેના રીમાન્ડ માગ્યા હતા. જે રીમાન્ડ પુરા થતા પોલીસે તેને આજે સાબરમતી સેન્ટ્રલ જેલને હવાલે કર્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર સે. ૧૬ સ્થિત ઓમ ઈમિગ્રેશનની ઓફિસના સંચાલક દિનેશ પટેલ તથા તેમા કામ કરતા માણસો મળી કુલ છ જણાએ કેનેડાના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપીને કેટલાક લોકોને લાખો રૂપિયામાં સુવડાવી દઈ કરોડોનું કૌભાંડ આચર્યુ હોવાનું બહાર આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સમગ્ર કૌભાંડની તપાસ એલ.સી.બી.ને સોપાઈ હતી અને નાસતા ફરતા કૌભાંડી મુખ્ય સૂત્રધાર દિનેશ પટેલની ધરપકડ કરી હતી. બાદમાં તેની પુછપરછમાં તેના જ ભાણેજ જયદીપ પટેલનું પણ નામ ખુલ્યુ હતુ અને એલ.સી.બી.એ તેની ધરપકડ કરી કોર્ટમાં રીમાન્ડ માંગ્યા હતા. કોર્ટે પાંચ દિવસના રીમાન્ડ આપ્યા હતા. જે આજે પુરા થતા પોલીસે આરોપી જયદીપ પટેલને સાબરમતી સેન્ટ્રલ જેલ મોકલી આપ્યો હતો.

# દહેગામના કડાદરા ખાતે ઉર્સ મુબારકમાં કવ્વાલીનો મુકાબલો યોજાશે

## અજમેર શરીફથી ખ્વાજાસાહેબના ખાદીમ નસીર અહેમદ ચદર મુબારક પેશ કરશે : દરવેશી કમિટી અને બળીયાદેવ મિત્ર મંડળના સહકારથી આયોજિત ઉર્સ કોમી એકતાનું પ્રતિક

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલ કડાદરા ગામે હજરત કાલુ સૈયદનો ઉર્સ તા. ૨૦મી મે થી તા. ૨૧મી મે દરમ્યાન યોજવામાં આવ્યો છે. તા. ૨૦મી મે મંગળવારે સંદલ શરીફ યોજાશે જેમાં અજમેરથી ખ્વાજા નસીર અહેમદ, એણાસણના ગનીભાઈ મન્સુરી, ગાંધીનગરના પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમાર, આંતરસુબાના સરપંચ સૈયદ રઉફ બાપુ કાદરી, દહેગામના ધારાસભ્ય કામિનીબેન રાઠોડ અને દહેગામની હસન શહીદ દરગાહના ખાદીમ સલીમભાઈ ઉપસ્થિત રહેશે.

આ ઉર્સમાં તા. ૨૦મીએ સંદલ શરીફ બાદ રાત્રે ૧૦.૩૦ વાગે કવ્વાલીનો મુકાબલો યોજાશે. આ મુકાબલામાં ગુજરાતના મશહુર કવ્વાલ હાજી રહીમ સુલતાની વિરૂદ્ધ કવ્વાલ બરકત નાજા તેમની કવ્વાલી રજૂ કરશે. આ ઉપરાંત તા. ૨૧મીએ બુધવારે સવારે ૧૧.૧૪ વાગે મુ. ચાંદ ૨૧ રજબ ઉર્સ મુબારક યોજાશે. આ ઉર્સ મુબારક કડાદરા ગામના સાથ સહકારથી કોમી એકતા સદ્ભાવના પ્રેમભાઈચારાના રૂપમાં મનાવવામાં આવે છે. આ ઉર્સ મુબારકનું આયોજન દરવેશી કમીટીની જાનીબથી અને બળીયાદેવ મિત્ર મંડળના સાથ સહકારથી યોજવામાં આવ્યો છે. આ ઉર્સ મુબારક પ્રસંગે ઉપસ્થિત રહેવા હજરત કાલુસૈયદ દરગાહના ખિદમતગાર મોહમંદહસન ઈમ્તીયાઝભાઈએ સર્વ ધર્મપ્રેમી જનતાને આમંત્રણ આપ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ઉર્સમાં સંદલ મુબારક ઓઢવ સોનીની ચાલમાં આવેલ સુંદરમ્નગરના બારા ઈમામની ગાદીથી આવનાર છે. જ્યારે અજમેર શરીફથી આવનાર નસીરઅહેમદ દર વર્ષની માફક આ વર્ષે પણ ચદર મુબારક પેશ કરશે.




વાનરોનો ત્રાસ : ગાંધીનગરમાં નીલગાય, વાનરો અને કૂતરાનો ત્રાસ દિન-પ્રતિદિન વધતો જાય છે. ખાસ કરીને જંગલ વિસ્તારમાં જ કુદાકુદ કરતા વાનરો રહેણાંક વિસ્તારોમાં પણ ભારે દોડધામ મચાવે છે અને ભયનું વાતાવરણ સર્જે છે. નગરમાં દર મહિને વાનરોના આતંકમાં એકાદ બે વ્યક્તિ સપડાય છે. ખાસ કરીને છેવાડાના સેક્ટરો જેની આસપાસ મોટી ઝાડી - જંગલો છે તે વિસ્તારોના રહેણાંકોમાં સતત વાનરોનો આતંક છવાયેલો રહે છે.

# મોદીની શપથવિધિમાં દેશ વિદેશના મહાનુભાવો ભાગ લેશે

## સલામતી-પ્રોટોકોલ-સાદગી જેવા પાસાઓને પણ ધ્યાને રખાશે

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રીમાંથી વડાપ્રધાન બનવા જઈ રહેલા નરેન્દ્ર મોદીનો શપથવિધિ સમારંભ કયારે અને કેવી રીતે ઉજવાશે તે અંગે ગુજરાત ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સુકતા સેવાઈ રહી છે. જો કે આ અંગે હજુ કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી આમ છતાં મે માસના છેલ્લા સપ્તાહમાં જ શપથવિધિ થાય તેવી પૂરેપૂરી શકયતા છે. જેમાં દેશ વિદેશના ટોચના મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

ગુજરાતના અને તેમાંય ભાજપના વડાપ્રધાન બનવાના હોઈ ઐતિહાસિક પ્રસંગમાં ભાગ લેવા માટે સેંકડો કાર્યકરો તૈયાર છે. ગુજરાતમાં મોદી મુખ્યમંત્રીના શપથ જાહેરમાં લેતા રહ્યા છે. અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેડિયમ પર ભવ્ય શપથવિધિ સમારંભ યોજાતો હતો જેમાં ધાર્મિક મહાનુભાવો, કોર્પોરેટ જગતની હસ્તીઓ, પક્ષના અગ્રણી નેતાઓ, પ્રતિષ્ઠિત નાગરિકો વિગેરે પણ ઉપસ્થિત રહેતા હતા. આવા શપથવિધિ કાર્યક્રમ થકી મોદી રાષ્ટ્રીય સ્તરે ભારે માઈલેજ પણ મેળવતા હતા.

જાહેરમાં કાર્યક્રમ હોવાથી તેમાં કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા હતા. હવે મોદી પીએમ બની રહ્યા છે ત્યારે રાજયના ભાજપના કાર્યકરો દિલ્હી જવા માટે ઉત્સાહી છે જો કે હજુ સુધી તેમને પક્ષ તરફથી આ અંગે કોઈ સૂચના મળી રહી નથી. પક્ષના સૂત્રોના કહેવા મુજબ વડાપ્રધાન પદની સોગંદવિધિનો કાર્યક્રમ હોવાથી સલામતી, પ્રોટોકોલ, ભવ્ય સમારંભ કરવો કે નહીં તેવા અનેક પાસા વિચારવામાં આવી રહ્યા છે. જેના કારણે ગુજરાતમાં યોજાય છે તેવા મોટા પાયે કાર્યક્રમ યોજવા અંગે હજુ કોઈ નિર્ણય લેવાઈ શકયો નથી.

આમ છતાં દેશના ટોચના મહાનુભાવો તેમાં શપથવિધિ કાર્યક્રમમાં ભાગ લે તે રીતે વિચારણા હાથ ધરવામાં આવી છે. જેમાં રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં જ કાર્યક્રમ યોજી શકાય તેની શકયતા ચકાસાઈ રહી છે. તેમાં દેશના વિવિધ ક્ષેત્રના ટોચના મહાનુભાવોને આમંત્રણ આપવામાં આવશે. વિદેશી રાજદૂતો પણ તેમાં ઉપસ્થિત હેશે. તે સાથે વિદેશના ટોચના મહાનુભાવો આવે તેવી પણ સંભાવના છે.

મોદીના ગુજરાતમાં યોજાતા શપથવિધિ સમારંભમાં જે રીતે ટોચના ઉદ્યોગપતિઓ ધાર્મિક વડાઓ સહિત અન્ય પ્રતિષ્ઠિત નાગરિકો ઉપસ્થિત રહેતા હતા તે પ્રમાણે દેશના વિવિધ ક્ષેત્રમાં મહત્વનું પ્રદાન આપનારા લોકોને બોલાવાશે. વિવિધ દેશના પ્રતિનિધિઓ અને સર્વોચ્ચ પદાધિકારીઓ ઉપસ્થિત રહે તે માટે તેમને પણ આમંત્રણ આપવામાં આવશે. જો કે ગુજરાતના હજ્જારો કાર્યકરો જેમણે મોદીએ રાજયના જ નહીં દેશના સર્વોચ્ચ સ્થાન પર બેસાડવા માટે અથાગ મહેનત કરી છે તેમને શપથવિધિ સમારંભમાં ઉપસ્થિત રહેવાનો મોકો મળશે કે નહીં તે જોવાનું રહે છે.

બીજી તરફ પીએમ પદના શપથવિધિના કાર્યક્રમની તારીખ પણ પાછળ ઠેલાઈ રહી છે જેની પાછળ મોદીના એક પછી એક કાર્યક્રમો અને મીટીંગ કારણભૂત છે. મોદી દ્વારા મણિનગર વિધાનસભા ખાતે ૨૦મીએ જાહેરસભા, ૨૧મીએ ગાંધીનગરમાં વિધાનસભામાં વિદાય સત્ર અને તે પછી દિલ્હીમાં સંસદીય દળની મીટીંગ, એનડીએ-ઘટક પક્ષ સાથે મંત્રણા અને કયા મંત્રીઓ લેવા વિગેરેની કવાયતમાં એકાદ સપ્તાહ નિકળી જાય તેવી સંભાવના છે. તેને ધ્યાનમાં રાખતા શપથવિધિ સમારંભ ૨૫મી કે ૭મી મે સુધી ખેંચાઈ જાય તેવી સ્થિતિ આકાર લઈ રહી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૨૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૧૨.૦૦
ગોડજીલા (૩-ડી અંગ્રેજી):૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
મીલીઓન ડૉલર આર્મ : ૫.૧૫
: સ્કીન-૨ :
ધ એક્સપોઝ : ૧૦.૦૦
એમ-૩ ૧૨.૩૦
હવાહવાઈ : ૩.૩૦
ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦, ૯.૩૦
: સ્કીન-૩ :
ધ એક્સપોઝ : ૧.૦૦, ૩.૩૦, ૮.૦૦, ૧૦.૧૫
માઈટી રાજુ રીઓ કોલીંગ : ૬.૦૦
: સ્કીન-૪ :
હવાહવાઈ : ૩.૩૦
ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦
ધ એક્સપોઝ : ૧૦.૧૫

### સિને મેક્સ

: સ્કીન-૧ :
ગોડજીલા(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૪૦,૪.૩૫,૭.૩૦,૧૦.૨૫
: સ્કીન-૨ :
ગોડજીલા-૩ ૩ડી (હિન્દી):૯.૪૫,૨.૪૫,૪.૦૦,૭.૦૦,૧૦.૧૫
સ્પાઈડરમેન-૨ (૩-ડી) : ૧૨.૪૫
: સ્કીન-૩ :
ધ એકસપોઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૫, ૧૦.૩૫
હવાહવાઈ: ૫.૩૦
: સ્કીન-૪ :
માઈટી રાજુ રીઓ કોલીંગ : ૯.૦૦, ૨.૧૫, ૭.૩૦
ધ ચિલ્ડ્રન ઓફ વોર (હિન્દી) : ૧૧.૧૫, ૪.૩૦, ૯.૪૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
ધ એક્સપોઝ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્કીન-૨ :
ગોડજીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૩ :
મીડ સમર મીડનાઈટ મુંબઈ: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ધ એક્સપોઝ : ૭.૦૦

## આપની આજ

**મેષ** : નવા સંબંધો લાભદાયક રહેશે. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે.

**મિથુન** : આર્થિક લાભ સંબંધી વિશેષ મહત્વના કાર્યોમાં વિવાદોથી બચવું. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ લાભ થવાની સંભાવના છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતન થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓને લગતી યાત્રા અને ખર્ચ થશે. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે.

**ધન** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : સંચિત ધનમાં વધારો થશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : આર્થિક કારણોથી સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ.

## ચિરવિદાય

- સ્વ. રતુજી ચેહુજી સોલંકી (ઉ.વ. ૫૫) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મીબેન મંગાજી ઠાકોર (ઉ.વ. ૬૨) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રઈજીજી વિષ્ણુજી ઠાકોર (ઉ.વ. ૨૫) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મંગુબેન જયંતિજી ઠાકોર (ઉ.વ. ૪૦) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.